सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| GJPM080002092026 | કેસ આવ્યા તારીખ | ૧૯/૦૨/૨૦૨૬ | | |
| | કેસ રજુ તારીખ | ૧૯/૦૨/૨૦૨૬ | | |
| | કેસ નિકાલ તારીખ | ૨૩/૦૭/૨૦૨૬ | | |
| | કેસ નિકાલ તારીખ | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૫ | ૦૪ |

**ઘોઘંબાના મહેરબાન એડિ. ચીફ જયુડિ. મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મું.ઘોઘંબા**

**ક્રિમીનલ કેસ નં.૧૪૭/૨૦૨૬**
**આંક:**

**ફરિયાદી:–** સરકારશ્રી

**વિરુધ્ધ**

**આરોપી:–**
(૧) નિલેશભાઈ છલસીંગ રાઠવા,
(૨) રાકેશ છલસીંગ રાઠવા,
(૩) છલસીંગ ગલીયાભાઈ રાઠવા,
તમામ રહે.પોયલી લીમડા ફળિયું,
તા.ઘોઘંબા, જી.પંચમહાલ.

**ગુનો:–** બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨),૧૧૭(૨),૩૫૨,૩૫૧(૨),૫૪
તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ

**ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી કામોળ**
**આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી ડી.જી. પેશરાણા**

# -:: ચુકાદો ::-

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ માન બેન સમાણી ગાળો બોલી ફરીયાદીને શરીરે ગડદાપાટુન માર મારી ફરીયાદીને આરોપી નં.૧ નાએ લાકડીથી મારી મારી તથા સાહેદ ગીરીશને આ.નં.૧ નાને તેના હાથામાનો પથ્થર જમણા પગે મારી ઈજા પહોચાડી તથા આ.નં.૨,૩ નાઓએ ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.પંચમહાલ ગોધરા નાઓના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ મુજબની નોંધાવતા તે ફરીયાદની તપાસના આધારે ત.ક.અધિકારીએ તપાસ કરી, લાગતા-વળગતા સાહેદોના નિવેદનો લઈ આરોપી સામે પુરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ.

**૨.** આરોપીઓ સામે ચાર્જશીટ રજુ થતા આરોપીઓ સામેના ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઈ આ કામના આરોપીઓને સમન્સ કરતા અને અદાલતમાં ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૩૦ અન્વયે આરોપીઓને તમામ પોલીસ પેપર્સ ની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આરોપીઓ વિરુધ્ધ ગુન્હા સબબનુ તહોમતનામુ ફરમાવી આરોપીઓનુ નિવેદન નોંધવામાં આવતા આરોપીઓ એ ગુન્હાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરેલ છે.

**૩.** હાલના કામે ફરીયાદ પક્ષે નીચે મુજબ નો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

## <u>મૌખિક પુરાવાઓ</u>

| ક્રમ | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૯ | અમરસીંગ ભાવસીંગભાઈ રાઠવા ની જુબાની |

## <u>દસ્તાવેજી પુરાવા લિસ્ટ</u>

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| ૧ | ૧૦ | ફરિયાદ |
| ૨ | ૧૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૩ | ૧૨ | મુદામાલ રીકવરી પંચનામું |

**૪.** ફરીયાદ પક્ષે ઉપરોકત રજુ કરેલ પુરાવા સિવાય વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ જણાવી ફરીયાદ પક્ષે આંક–૧૩ થી કલોઝીંગ પુરશીસ રજુ કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ કરવામાં આવેલો છે. ફરીયાદ પક્ષ નો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા આરોપી વિરુધ્ધના એવા કોઈ સંજોગો કે જેનો ખુલાસો આરોપી પાસેથી મેળવવો જરુરી જણાતો હોય તેમ જણાઈ આવ્યુ ન હોવાથી આરોપીનુ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબ વધારાનુ નિવેદન નોંધવામાં આવેલ નથી.

ત્યારબાદ સદર કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષે વિ.વ.શ્રી ડી.જી. પેશરાણા ની દલીલો સાંભળવામાં આવી.

**૫.** હાલના કેસમા પક્ષકારો તર્ફે રજુ કરવામાં આવેલ પુરાવાઓ ધ્યાને લેતા તેમજ પક્ષકારો તર્ફે કરવામાં આવેલ મૌખિક દલીલો ધ્યાને લેતા મારી સમક્ષ નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીઓએ માન બેન સમાણી ગાળો બોલી ફરીયાદીને શરીરે ગડદાપાટુન

માર મારી ફરીયાદીને આરોપી નં.૧ નાએ લાકડીથી મારી મારી તથા સાહેદ ગીરીશને આ.નં.૧ નાને તેના હાથામાનો પથ્થર જમણા પગે મારી ઈજા પહોચાડી તથા આ.નં.૨,૩ નાઓએ ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.પંચમહાલ ગોધરા નાઓના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ સજાને પાત્ર ગુન્હાહિત કૃત્ય કર્યુ છે.?

**૨.** શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧:–નકારાત્મક.

મુદ્દા નં.૨:–આખરી હુકમ મુજબ.

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના જવાબો માટેના કારણોનીચે મુજબ છે.

## –:: <u>કા ર ણો</u> ::–

**મુદ્દા નં.૧:–**

હાલના કેસમાં આરોપી વિરુધ્ધ  બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ અન્વયે સજાને પાત્ર ગુન્હાહિત કૃત્યના તહોમત અંગે ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવી છે. ફોજદારી ધારાના પ્રસ્થાપિત સિધ્ધાંતો અન્વયે આરોપીઓ વિરુધ્ધનો ગુન્હો વ્યાજબી શંકા રહીત પુરવાર કરવાનો સમગ્ર બોજો ફરીયાદ પક્ષના શીરે રહે છે.

૮. આરોપી વિરુધ્ધના ઉપરોકત ગુન્હા સબબના આવશ્યક તત્વોને ધ્યાને રાખી ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનુ આક્ષેપના સમર્થનમાં મુલ્યાંકન કરીએ તો, ફરીયાદ પક્ષે સૌ પ્રથમ આંક–૦૯ થી ફરીયાદી સાહેદ અમરસીંગ ભાવસીંગભાઈ રાઠવા ને તપાસવામાં આવેલા છે. સાહેદ પોતાની જુબાનીમાં જણાવે છે કે, બનાવમાં મારે આ કામના આરોપીઓ સાથે સામાન્ય બાબતે બોલાચાલી થયેલી જેમાં ઝપાઝપીમાં થયેલી તેમાં પડી જવાથી મને વાગેલુ તે સીવાય બીજું કાંઈ બનેલ નહી આવેશ આવી જઈને મે ફરીયાદ આપેલી મને આજરોજ ફરીયાદ બતાવવામા આવે છે તે જોઈને કહુ છુ કે તેમા મારી સહી છે જે હું ઓળખી બતાવુ છુ જેને રજુ દાખલ આંક–૧૦ આપવામા આવે છે તેવી હકીકત પોતાની ફરીયાદથી વિરુધ્ધ ની જણાવતા સાહેદ ને ફ.રીયાદ પક્ષ તરફથી ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી ધ્વારા સાહેદની પુરાવા કલમ–૧૫૪ અન્વયે પરવાનગીથી ઉલટ તપાસમા પુછી શકાય તેવા પ્રશ્નો પુછી ઉલટ તપાસ કરતા પણ સાહેદે ફરીયાદને સમર્થનકારી કોઈ હકીકત જણાવી નથી. ત્યારબાદ સાહેદની બચાવ પક્ષે કરવામા આવેલી ઉલટ તપાસમા સાહેદે એ વાત ખરી છે કે,અમારે આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે,અમોને કોઈએ કોઈ ઈજા કરેલ નથી કે કોઈ ધાક ધમકી આપેલ નથી કે કોઈએ ગાળો બોલેલ નહી.

૯. આમ, ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી ના પુરાવા નુ મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી અમરસીંગ ભાવસીંગભાઈ રાઠવા નાઓએ આંક–૧૦ ની પોલીસ રુબરુ જે ફરીયાદ આપેલ છે તેમાં આરોપી વિરુધ્ધના ગુન્હાને લગતી મહત્વની હકીકતો જણાવેલી છે તેવી હકીકતો ને ફરીયાદી તથા સાહેદએ પોતાની સોગંદ ઉપર ની જુબાનીમાં સમર્થન આપેલ નથી આમ,

ફરીયાદ પક્ષના મહત્વ ના સાહેદોની જુબાની ધ્વારા એવી હકીકત પ્રસ્થાપિત થઈ શકેલ નથી કે, ''આ કામના આરોપીઓએ માન બેન સમાણી ગાળો બોલી ફરીયાદીને શરીરે ગડદાપાટુન માર મારી ફરીયાદીને આરોપી નં.૧ નાએ લાકડીથી મારી મારી તથા સાહેદ ગીરીશને આ.નં.૧ નાને તેના હાથામાનો પથ્થર જમણા પગે મારી ઈજા પહોચાડી તથા આ.નં.૨,૩ નાઓએ ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.પંચમહાલ ગોધરા નાઓના જાહેરનામાનો ભંગ કરી બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ મુજબ નો ગુનો પુરવાર કરી શકેલ નથી.

**૧૦.** ફરીયાદ પક્ષે બાકી રહેતા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામા આવે તો આંક -૧૧ થી ગુના વાળી જગ્યાનું પંચનામું રજૂ થયેલ છે પરંતુ તેનાથી આરોપી વિરૂધ્ધના ગુનાને લગતી કોઈ હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.તેમજ આંક-૧૨ થી મુદ્દામાલ કબજે કર્યા અંગેનુ પંચનામુ રજુ થયેલ છે, જે ધ્યાને લેતા ગુનામાં વપરાયેલ હથીયારો કબજે કરેલ હોવાનું જણાવેલ છે, પરંતુ ખુદ ફરીયાદી તથા ભોગબનનાર, સાહેદએ બનાવ સમયે આરોપીએ કોઈ હથીયારનો ઉપયોગ કરેલ હોય કે હથીયાર વડે કોઈ ઈજા પહોચાડેલ હોય તેવી હકીકતોને સમર્થન આપેલ નથી .આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો પણ આરોપીઓ વિરુધ્ધ ના ગુનાને પુરવાર કરવામા મદદરુપ નીવડી શકેલ નથી.

**૧૧.** આમ, ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા બનાવ સમયે, બનાવ તારીખે અને બનાવ સ્થળે 'આ

કામના આરોપીઓએ માન બેન સમાણી ગાળો બોલી ફરીયાદીને શરીરે ગડદાપાટુન માર મારી ફરીયાદીને આરોપી નં.૧ નાએ લાકડીથી મારી મારી તથા સાહેદ ગીરીશને આ.નં.૧ નાને તેના હાથામાનો પથ્થર જમણા પગે મારી ઈજા પહોચાડી તથા આ.નં.૨,૩ નાઓએ ફરીયાદી તથા સાહેદને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી મે.જીલ્લા મેજી.પં ચમહાલ ગોધરા નાઓના જાહેરનામાનો ભંગ કરેલો હોય.''તેવી હકીકત પુરવાર થઈ શકેલ નહોઈ આરોપીને તેઓની વિરુધ્ધના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ ના હોઈ મુદ્દા નં.૧ નો જવાબ '' નકારાત્મક'' આપી મુદ્દા નં.૨ માટે નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

## :: આખરી હુકમ ::

૧. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧ અન્વયે આ કામના આરોપી નં.(૧) નિલેશભાઈ છલસીંગ રાઠવા,આરોપી નં. (૨) રાકેશ છલસીં ગ રાઠવા તથા આરોપી નં.(૩) છલસીંગ ગલીયાભાઈ રાઠવા, તમામ રહે.પોયલી લીમડા ફળિયું, તા.ઘોઘંબા, જી.પંચમહાલ નાઓને બી.એન.એસ.ની કલમ ૧૧૫(૨)૩૫૨,૩૫૧(૨), ૫૪ તથા જી.પી. એકટ ની કલમ ૧૩૫ મુજબના ગુનાના આરોપમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ–૪૩૭(એ) મુજબ રુા. ૫૦૦૦/– ના જાત જામીન તથા સધ્ધર જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ:−ઘોઘંબા.
તારીખ : ૨૩/૦૭/૨૦૨૬

**(એચ.એસ.લાંગા)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ઘોઘંબા.
કોડ નં. જી.જે.૦૧૦૦૦.